Gujarati Midday Pg 12, 8th July 2022

# ઈલૉન મસ્કની કંપનીએ ડોઝકૉઈનનો ઉપયોગ વધાર્યો

## આઈસી15 ઈન્ડેક્સમાં ૫૪૦ પૉઇન્ટની વૃદ્ધિ નોંધાઈ

**ઈલૉન** મસ્કની ધ બોરિંગ કંપનીએ એના યુઝર્સને ડોઝકૉઇનથી પેમેન્ટ કરવાની સુવિધા આપવાનો નિર્ણય લીધો છે. આ કંપની પ્રવાસ માટે નાનાં બોગદાં બનાવે છે. કંપનીએ લાસ વેગસમાં આવી લૂપલાઈન બનાવી છે, જે ઝડપી પ્રવાસ માટે ઉપયોગી થાય છે. હાલમાં આ લાઈન પર ત્રણ સ્ટૉપ રાખવામાં આવ્યાં છે.

બીજી બાજુ, ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ-બિનાન્સે અમુક પ્રકારના સોદા પરની ફી માફ કરવાની જાહેરાત કરી છે. શિબા ઈનુએ સ્ટેબલકૉઈન લૉન્ચ કરવાની યોજના જાહેર કરી છે.

દરમ્યાન ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં સુધારો આગળ વધ્યો છે. એનું કુલ કૅપિટલાઇઝેશન પાછલા ૨૪ કલાકમાં ૧.૩૧ ટકા વધ્યું છે. બિટકૉઈન ૧ ટકો વધીને ૨૦,૩૯૩ ડૉલર, ઈથેરિયમ ૩.૬૭ ટકા વધીને ૧૧૮૩ ડૉલર થયા છે. ડોઝકૉઈનમાં ૨.૩૬ ટકા, સોલાનામાં ૧.૫૯ ટકા, કાર્ડાનોમાં ૧.૦૭ ટકાનો વધારો થયો છે.

અગાઉ, ક્રિપ્ટોવાયરે લૉન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રિપ્ટો ઈન્ડેક્સ - આઈસી15 ગુરુવારે બપોરે ૪ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકમાં ૧.૯૯ ટકા (૫૪૦ પૉઈન્ટ) વધીને ૨૭,૬૬૭ પૉઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૨૭,૧૨૬ ખૂલીને ૨૭,૮૬૨ સુધીની ઉપલી અને ૨૬,૭૪૮ પૉઈન્ટની નીચલી સપાટીએ ગયો હતો.